BRAMPTON **Service and Information Update**

# સીટી ઑફ઼ બ્રેમ્પટન પોપ-અપ ઇન-પર્સન સર્વિસ બ્રેમ્પટન કાઉન્ટર્સનું વિસ્તરણ કરશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 28, 2022) – આજરોજ, જૂન 28 થી શરૂ કરીને, સર્વિસ બ્રેમ્પટન સેવ મેક્સ સ્પોર્ટ્સ સેન્ટરમાં નવું રૂબરૂમાં સેવા આપતું પોપ-અપ કાઉન્ટર શરૂ કરશે અને કાસી કેમ્પબેલ કમ્યુનિટી સેન્ટર અને ગૉર મીડોસ કમ્યુનિટી સેન્ટરમાં કામકાજના કલાકો લંબાવશે.

સર્વિસ બ્રેમ્પટન કાઉન્ટર્સ બ્રેમ્પટનવાસીઓ માટે માહિતી અને સીટી સેવાઓનો સરળ-પહોંચ અભિગમ પૂરો પાડે છે. રહેવાસીઓ સર્વિસીસની વિનંતી કરવા અને ઘણી જુદી જુદી લેવડદેવડો પૂરી કરવા શહેરભરમાં સર્વિસ બ્રેમ્પટન સ્થળોની અનુકૂળપણે મુલાકાત લઇ શકે છે જેમાં રિક્રિએશન રજીસ્ટ્રેશન, પાર્કિંગ ટિકિટ ચૂકવણીઓ અને રોકડ-સિવાયની કર ચૂકવણીઓ સામેલ છે. ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને ચેક્સ, બધું આ સ્થળોએ સ્વીકારવામાં આવે છે.

સુઝાન ફેનેલ સ્પોર્ટ્સપ્લેક્સમાંનું હંગામી પોપ-અપ કાઉન્ટર જૂન 27, 2022 થી બંધ થશે પણ રહેવાસીઓ સીટી હૉલ કે બ્રેમ્પટન સિવિક સેન્ટરમાંના સર્વિસ બ્રેમ્પટન કાઉન્ટરની મુલાકાત લઇ શકે છે. કામકાજના કલાકો અહીં જણાવ્યા છે, www.brampton.ca/contactus.

નવા સર્વિસ બ્રેમ્પટન પોપ-અપ કાઉન્ટર્સનું હંગામી વિસ્તરણ વર્ષ 2022 નાં અંત સુધીમાં સુસજ્જ થશે. આ પછી, કર્મચારીગણ નિર્ધારિત કરશે કે શું તેઓએ બ્રેમ્પટનવાસીઓ માટે ગ્રાહક અનુભવ વધાર્યો કે કેમ અને શું સ્થળો કાયમી ધોરણે વિસ્તારવાની જરૂર છે કે કેમ.

દિવસમાં 24 કલાક, અઠવાડિયામાં 7 દિવસ સર્વિસ બ્રેમ્પટન સુધી પહોંચવાની ચાર અનુકૂળ રીતો છે:

- ઓનલાઇન વેબસાઇટ 311Brampton.ca જુઓ
- ઍપ સ્ટોર કે ગૂગલ પ્લે પરથી 311 Brampton ઍપ ડાઉનલોડ કરો
- બ્રેમ્પટન સીટીની હદમાં 311 (સીટીની હદ બહારથી 905.874.2000) નંબર પર કૉલ કરો
- ઈમેઈલ મોકલો, 311@brampton.ca ને

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ઼ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca